ઇલેક્શન કાઉન્ટ-ડાઉન
VOTE 15
દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૪ | ૧૫ એપ્રિલ, ૨૦૧૪, મંગળવાર; ચૈત્ર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● રાજસ્થાનમાં નમો સબ્જી સ્ટોર શરૂ**

નરેન્દ્ર મોદીના નામે નમો



ટી સ્ટોલ તો દેશભરમાં શરૂ થઈ ચુક્યા છે પરંતુ રાજસ્થાનમાં તાજેતરમાં 'નમો સબ્જી સ્ટોર' શરૂ કરવામાં આવ્યો છે. પાડોશી રાજ્યના જોધપુર અને અજમેર ખાતે નમો સબ્જી સ્ટોર શરૂ કરવામાં આવ્યો છે. જેમાં સસ્તી શાકભાજી મળશે.

**● મહેશ ભટ્ટ કોંગ્રેસના પ્રચારમાં જોડાયા**

બોલીવુડના જાણીતા



ફિલ્મમેકર મહેશ ભટ્ટ કોંગ્રેસના પ્રચારમાં નીકળ્યા છે. ઉત્તરપ્રદેશના જોનપુર મત વિસ્તારમાં તેઓ ભોજપુરી ફિલ્મોના અભિનેતા સાથે પ્રચારમાં નીકળ્યા હતા. તેઓએ અહીંના લોકો સાથે મળી યુપીએ સરકારની વિવિધ સિદ્ધિઓ અંગે વાતો કરી હતી.

# કોબા ખાતે હંગામી હેલીપેડ બનાવાયું

## મુખ્યમંત્રી અને ભાજપના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના દેશભરના પ્રચારના પગલે ભાજપ પ્રદેશ કાર્યાલય નજીક કામચલાઉ હેલીપેડ બનાવાયુ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબા નજીક બનેલ ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય 'શ્રી કમલમ્' ની બાજુમાં ચૂંટણીને લઈ એક કામચલાઉ હેલીપેડ તૈયાર કરવામાં આવ્યું છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ભાજપના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર હોવાથી તેઓ આખા દેશમાં પ્રચારસભાઓમાં વ્યસ્ત છે. થ્રીડી ટેકનોલોજીથી સભા સંબોધવા તેઓ 'શ્રી કમલમ્' ખાતે આવે છે. આજે આ થ્રીડી સભા માટે થઈ તેઓ આવવાના હતા.

સમયની બચત થાય અને નિયત પ્રવાસ કાર્યક્રમ જારી રહી શકે તે માટે નાના હેલીકોપ્ટર માટે ખાસ કામચલાઉ હેલીપેડ તૈયાર કરવામાં આવ્યું છે.

જો કે મુખ્યમંત્રીશ્રીનું હેલિકોપ્ટર આ હેલીપેડ પર લેન્ડ થયું ન હતુ. તેઓ અમદાવાદ વિમાની મથકે ઉતર્યા અને ત્યાંથી મોટરમાર્ગે ગાંધીનગર આવી પછી કારમાર્ગે જ શ્રી કમલમ ખાતે પહોંચ્યા હતા.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે આ હેલીપેડ ખાનગી જમીન પર બનાવવામાં આવ્યું છે. તદ્દન કામચલાઉ હેલીપેડ બનાવાયુ હોવાથી આજે પાણીનો પણ સારો એવો છંટકાવ કરવામાં આવ્યો હતો.

સરકારનું હેલીપેડ ગાંધીનગર સચિવાલય ખાતે નવુ બનાવાયુ છે. મુખ્યમંત્રીશ્રી જયારે સરકારી કાર્યક્રમમાં જતા હોય છે ત્યારે આ હેલીપેડનો ઉપીયોગ કરે છે.

ચૂંટણીની આ મોસમમાં કોબા નજીક કામચલાઉ હેલીપેડ બનાવવામાં આવતાં આજે પોલીસનો પણ બંદોબસ્ત ત્યાં લગાવવામાં આવ્યો હતો.



જય જય હનુમાન ગોસાઈ, કૃપા કરો ગુરૂદેવ કી નાયી

# વિદેશમાં વસતા ગુજરાતીઓ સ્વખર્ચે મત આપવા આવશે

## દેશપ્રેમ માટેનો દાખલો બેસાડવા માટે સુસજ્જ : વિદેશમાં વસતા ગુજરાતી લોકો ગુજરાત આવવા માટેની તૈયારીમાં વ્યસ્ત : 30મી એપ્રિલના દિવસે મતદાન થશે

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં ૩૦ એપ્રિલના રોજ મતદાન થવાની જ તારીખ જાહેર થતાં જ રાજકીય પક્ષો જીતની તૈયારીમાં લાગી ગયા છે તો બીજી બાજુ વિદેશમાં વસતા ગુજરાતીઓ પણ વોટ આપવા માટે ગુજરાત આવવા માટેની તૈયારી કરી રહ્યા છે તો કેટલાક એ ચૂંટણીના દિવસે મત આપીને તરત બીજા દિવસની ટિકિટ કઢાવી રહ્યા છે ચૂંટણીની તારીખ જાહેર થતાં જ ઘણાં બધા ગુજરાતીઓએ પોતાના ફરવા માટે બહાર જવાની પણ ટિકીટો મોડી કઢાવી છે.

છેલ્લા કેટલાય વર્ષોથી દેશની બહાર એટલે કે ફોરેનમાં રહેતા ગુજરાતીઓ દેશની આગામી સરકારની અને સારા ઉમેદવારોની પસંદગી માટે પોતાનો કિંમતી વોટ નાંખવા ગુજરાતમાં આવી પહોંચ્યા છે અને અનેક ગુજરાતીઓ મતદાનની તારીખના એક અઠવાડીયા પહેલા આવી પહોંચશે. અમેરિકા, યુકે, જાપાન, સિંગાપોર, જર્મની સહિત દુનિયાભરમાં વસતા ગુજરાતીઓ પોતાનું યોગદાન આપશે તો કેટલાક પોલીટીકલ પાર્ટીઓના પ્રચાર પણ કરશે. ગુજરાતમાં પડતી ગરમીના કારણે ઘણા ગુજરાતીઓ આવા મહિનામાં

● અનુસંધાન પાન-૭ પર

ખુશ્બુ અડાલજ કી... પહેચાન ચેહર કી

પધારો... પધારો... પધારો...

વાઈબ્રન્ટ જાતર

ધર્મ પ્રેમી ભાવી ભક્તોને
જાહેર આમંત્રણ
સહર્ષ સાથે જણાવવાનું કે
શ્રી ટહુકાની ચેહર અડાલજ
માતની જાતર


શ્રી ચેહર મહાચંડિકાયૈ નમઃ


શ્રી સતીષભાઈ ભુવાજી

ચૈત્ર સુદ ૧૫ને મંગળવારના
તા. ૧૫-૪-૨૦૧૪ના
રોજ રાત્રે ૧૦.૧૫ વાગે ફુલ ચઢશે

દેરાહરૂ

ચૈત્ર સુદ ૧૬ને બુધવારના
તા. ૧૬-૪-૨૦૧૪ના
રોજ સવારે પ્રભાતે પીયાલા થશે

સ્થળ : ટહુકાની ચેહર, ઉવારસદ ચોકડી પાસે, N.H. હાઈવે નં.-૮, અડાલજ

પ્રેરક : સતીષભાઈ ભુવાજી

અમી દ્રષ્ટિ : કનુભાઈ પટેલ (ટહુકો) ● શૈલેષભાઈ શાહ